# ત્રિયજ્ઞ - ઉપાસના

## (પ્રદૂષણ દૂર કરો, પવિત્રતા પ્રાપ્ત કરો)

આજકાલ ફેલાઈ રહેલાં આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક પ્રદૂષણ સામે રક્ષણ મેળવવા તેમ જ પોતાની આધ્યાત્મિક ઉન્નતિ સાધવા માટે એક યજ્ઞપાત્ર સંશોધન પછી તૈયાર કરવામાં આવ્યું છે. આ યજ્ઞપાત્ર ગૃહયજ્ઞ માટે છે. એ માટે કોઈ પૂજારી, ગુરુ કે મહાત્માની જરૂર નથી. કોઈ ધર્મસ્થળે પણ જવાની જરૂર નથી. પોતાના નિવાસસ્થાનમાં વ્યક્તિ પોતે જ આ યજ્ઞ કરી શકે છે. લોક-કલ્યાણની ભાવનાથી, પ્રાચીન પદ્ધતિ પ્રમાણે આ યજ્ઞપાત્ર તૈયાર કરવામાં આવ્યું છે.

આ યજ્ઞકાર્યનું મૂળ વૈદિક મંત્રોમાંથી લેવામાં આવ્યું છે. આપણે ત્યાં વધતી જતી બાહ્ય કર્મકાંડોની જટિલતા નિવારી આંતરિક જ્યોતિ પ્રગટ કરવા માટે અત્યંત પરિમિત વિધિને જ અહીં મહત્ત્વ આપવામાં આવ્યું છે.

યજ્ઞપાત્ર સાથે માર્ગદર્શન આપતું સાહિત્ય પણ તૈયાર કરવામાં આવ્યું છે.

છેલ્લા કેટલાક સમયથી ઠંડી અને ગરમીનું પ્રમાણ દુનિયામાં વધી ગયું છે. ઘણી વાર મોટા વિસ્તાર પર ગાઢ ધુમ્મસ છવાઈ જાય છે, ધરતીકંપના આંચકા લાગે છે, ભેદી ધડાકા થાય છે. આવી પ્રાકૃતિક ઘટનાઓ અસાધારણ ગણાય. આ સાધારણ ઘટનાનાં કારણો વૈજ્ઞાનિકો પણ શોધી શકતા નથી. વળી એમાં આસુરી શક્તિઓનો પણ પ્રભાવ હોઈ શકે. આ પ્રદૂષણો અને વિનાશકતા સામે રક્ષણ મેળવવા માટે ત્રિયજ્ઞ એક શાસ્ત્રીય અને પવિત્ર ઉપાસના છે.

**— મકરન્દ દવે**

ઉપનિષદ જેને ત્રિ-અગ્નિ કહે છે તે શરીરથી શુભ કર્મ, મનથી શુભ વિચાર અને અંતરાત્માથી શુભ સંકલ્પને સદા પ્રજ્વલિત રાખવાની જ સાધના છે. શિવનાં ત્રિનેત્ર દ્વારા આવી આત્મશક્તિનું દર્શન કરાવવામાં આવ્યું છે.

**સાંઈ મકરન્દ**

'સહજને કિનારે' પુસ્તકમાંથી

# ત્રિયજ્ઞની ભૂમિકા

આ પુસ્તિકામાં યજ્ઞવિદ્યાની મુખ્ય બાબતોના તાત્ત્વિક અને વ્યવહારુ સ્વરૂપ વિશે થોડુંક કહેવાનો પ્રયત્ન મેં કર્યો છે. યજ્ઞ શબ્દ યજ્ ધાતુમાંથી આવ્યો છે. યજ્નો અર્થ ઈશ્વરની ભક્તિ કરવી એવો તો થાય જ છે, ઉપરાંત સાથે આગળ ગતિ કરવી એવો પણ એનો અર્થ થાય છે. અગ્નિ એ યજ્ઞનું સૌથી મહત્ત્વનું અંગ છે. એ આપણી સ્થૂળ ભૌતિક વૃત્તિઓને પ્રજાળી મૂકે છે અને આપણી ભીતર રહેલા ઉચ્ચતર ચૈતન્યના સ્વરૂપની ઝાંખી કરાવે છે.

વિદ્યા શબ્દ વિદ્ ધાતુમાંથી આવેલો છે. તેના બે અર્થ છે : વિદ્ એટલે જાણવું અને વિદ્ એટલે હોવું. આમ વિદ્યા શબ્દમાં જ્ઞાન અને અસ્તિત્વ બન્નેનો સમાવેશ થયેલો છે. આમ જોઈએ તો અસ્તિત્વને જાણવું એ પોતે જ તત્વતઃ જ્ઞાન છે. આપણું અસ્તિત્વ શી રીતે અને શા માટે છે, તે કોણ જાણે છે ? જીવન અને મૃત્યુ એક મહાન રહસ્ય છે. દ્રશ્યમાન ઘટનાક્રમ પાછળ રહેલા રહસ્યમય વિશ્વને સમજવા પ્રયત્ન કરીએ તેમ તેના એક પછી એક પડ ઊખળતા જાય છે, પણ તેનો મર્મ હાથ લાગતો નથી. વિજ્ઞાને ઘણાં રહસ્યો ઉકેલ્યાં

છે, પણ હજી ઘણાં અણઉકલ્યા રહેલા છે. સામાન્ય જન તો અજ્ઞાનમાં ડૂબેલો હોય છે. કોઈ વિરલ જનને આનો કંઈક અણસાર આવે તો તે મૌન રહે છે, કારણ કે પરમ સત્યને વર્ણવવા માટે કોઈ શબ્દ નથી. સત્યને નામ આપવા જતાં તે સાપેક્ષ બની જાય છે, સત્ય મટી જાય છે. એને તો પૂર્ણપણે જીવી લેવાનું હોય છે.

આમ છતાં, થોડાંક દિશાસૂચનો મળી શકતાં હોય છે. એ પછી, એ દિશામાં સાચી ગતિથી આગળ કેમ વધવું એનો આધાર યાત્રી પર છે.

આપણે ચારે તરફ જીવનનાં રહસ્યો આવી રહેલાં છે આપણું પોતાનું અસ્તિત્વ પણ એક મોટું રહસ્ય છે. પણ આપણે ઇચ્છાઓથી, શોક અને આશાઓથી એટલાં ઘેરાયેલાં છીએ કે જીવનનાં મૂળભૂત સ્વરૂપ વિશે ઊંડાણથી વિચારવાનો આપણી પાસે સમય નથી હોતો. સત્યના શોધકે તો પોતાની સઘળી ઇચ્છાઓ નિર્મૂળ કરી ખાલી થઈ જવું જોઈએ. શૂન્ય થવું એટલે પૂર્ણતાથી સભર થવું. 'તારી જાતને ખાલી કરી દે, ઇશ્વર એને ભરી દેશે' એમ કહેવાયું છે તે યથાર્થ જ છે.

આ પુસ્તિકામાં યજ્ઞવિદ્યાના ત્રણ અગ્નિની વાત કરવામાં આવી છે, તે ફક્ત બાહ્ય દેવતાના યજન માટે નથી પણ

અભીપ્સા દ્વારા જન્મ-મૃત્યુના પડદા ઉઘાડવા માટે છે.

અંતર્ગુહામાં રહેલા નિત્ય પ્રકાશિત સૂર્યને પામવા માટે અવિરત પ્રજળતો અભીપ્સાનો અગ્નિ જોઈએ. આ આંતર અગ્નિ વિનાની કેવળ યાંત્રિક ક્રિયાઓનો કશો ઉપયોગ નથી. એથી તો આપણે કેવળ રૂઢિ ને પરંપરામાં પુરાઈએ છીએ. યજ્ઞવિદ્યા આ યાંત્રિક ક્રિયાઓમાંથી મુક્ત થઈને પામવાની વિદ્યા છે. પણ આપણી અંદર ગુલામી વૃત્તિનાં તત્ત્વો પણ પડેલાં હોય છે. મુક્તિની ઇચ્છા અને અધીનતાની વૃત્તિ વચ્ચે સંઘર્ષ ચાલ્યા કરતો હોય છે. મનુષ્યે આ બેમાંથી એકની પસંદગી કરવાની હોય છે.

છાંદોગ્ય ઉપનિષદમાં એક સુંદર કથા છે, જેમાં શુભ વૃત્તિઓ (દેવો) અને અશુભ વૃત્તિઓ (દાનવો) વચ્ચેનો ભેદ સુપેરે દર્શાવ્યો છે.

## પાર્થિવ અહંકારનો પરાભવ

અભીપ્સાનો અગ્નિ છેવટ સુધી શોધ કરવા કેવી રીતે પ્રેરે છે તે આ કથામાં જોઈએ. કથા આ પ્રમાણે છે :

આત્મજ્ઞાન મેળવવા માટે અસુરોમાંથી વિરોચન અને દેવોમાંથી ઈન્દ્ર પ્રજાપતિ પાસે આવ્યા. પ્રજાપતિએ બંનેને કહ્યું

કે પહેલાં જળકુંડમાં તમારું પ્રતિબિંબ જોઈ આવો. ત્યાં આત્માને ઓળખી ન શકો તો પછી મને પૂછવા આવજો. વિરોચન અને ઇન્દ્ર પોતાનાં પ્રતિબિંબ જોઈને આવ્યા. પ્રજાપતિએ પૂછ્યું : 'શું જોયું ?' 'અમે અમને પોતાને જ નખશિખ જોયા, ભગવન્ !' બંનેએ જવાબ આપ્યો. બ્રહ્માએ ફરી તેમને મૂલ્યવાન અલંકારો અને વસ્ત્રો પહેરી જળકુંડમાં જોઈ આવવા કહ્યું.

વિરોચન અને ઈન્દ્રે પોતાને અલંકારોથી શોભતા અને સુંદર દેદીપ્યમાન રૂપે જોયા. તેમને થઈ ગયું, આ જ ત્યારે આત્મસ્વરૂપ. પોતાને બહુ સુંદર જોઈ બંને હરખાતા પોતાના સ્થાને જવા લાગ્યા. વિરોચન તો પાછું જોયા વિના સીધો અસુર લોકો પાસે પહોંચી ગયો. પ્રજાપતિને થયું કે આ બંને અધૂરા જ્ઞાને પાછા જાય છે અને અંતે બંને પરાજિત થવાના. વિરોચને પોતાના અસુર બાંધવોને કહ્યું : 'આત્માને મેં ઓળખી લીધો છે. આ શરીર એ જ આત્મા. એને સુંદર કરો, સુદૃઢ કરો, અલંકારોને વસ્ત્રોથી વિભૂષિત કરો એ જ આત્માની પૂજા.'

છાંદોગ્ય કહે છે કે આ ઉપદેશ એવો ગળે ઉતરી ગયો કે જીવતા શરીરને તો ઠીક પણ મૃત શરીરનેય તે શણગારવા

લાગ્યા. સુગંધી દ્રવ્યો, મૂલ્યવાન વસ્ત્રો અને આભૂષણોથી તેઓ મૃતદેહને જાળવવા માંડ્યા. આમ કરીને આ લોક તેમ જ પરલોકને જીતી શકાશે તેવી તેમની માન્યતા હતી.

ઈન્દ્ર પોતાના પ્રતિબિંબમાં આત્મસ્વરૂપ જોઈ ઘરભણી આગળ વધ્યો. પણ તેના મનમાં પ્રશ્નો જાગવા માંડ્યા. પોતાના જ્ઞાન વિશે શંકા સળવળી ઊઠી. ઈન્દ્રને થયું શરીરનું પ્રતિબિંબ તો શરીર જેવું હોય એવું દેખાય, પણ શરીરની સ્થિતિ કાંઈ એકસરખી રહેતી નથી. સુંદર વસ્ત્રો અને અલંકારો પહેરીને જોતાં એ ઘણું સારું લાગ્યું પણ શરીર કુરૂપ થાય, રોગિષ્ઠ થાય ત્યારે ? પ્રતિબિંબ સામે જોવું ન ગમે એવું થઈ જાય. આત્માનું સ્વરૂપ કાંઈ આવું હોય ? ઈન્દ્રના મનમાં ઘોળાવા લાગ્યું કે આત્માનું સ્વરૂપ શરીરથી કાંઈક જુદું હોવું જોઈએ. ઈન્દ્ર પાછો ફર્યો. તેણે પ્રજાપતિને કહ્યું કે આ સુંદર ને કુરૂપ, છાયામય ને મૃત્યુને આધીન જ્ઞાનથી કાંઈ વળે એમ લાગતું નથી. પ્રજાપતિએ ઈન્દ્રની જિજ્ઞાસા જાણી તેને પછી સ્વપ્ન-પુરુષ અને સુષુપ્ત-પુરુષનો ઉપદેશ આપ્યો. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ આ ત્રણે અવસ્થાથી ભિન્ન આત્મતત્ત્વનો પરિચય કરાવતાં પ્રજાપતિએ કહ્યું :

'મઘવન્, મર્ત્યં વા ઈદમ્ શરીરમ્ આતં મૃત્યુના તદ્ અસ્ય અમૃતસ્ય, અશરીરસ્ય આત્મનઃ અધિષ્ઠાનમ્.'

(છાંદોગ્ય ૮-૧૨-૧)

'ઈન્દ્ર, આ શરીર ખરેખર નાશવંત છે. તે મૃત્યુથી ગ્રસિત છે. તેમ છતાં અમૃતરૂપ તથા અશરીરરૂપ આત્માનું તે નિવાસસ્થાન છે.'

વિરોચન અને ઈન્દ્રનું સરનામું તો આ શરીરમાં જ છે, પણ તેમના નામની તક્તી બદલાયા કરે છે. કોઈ વાર વિરોચન તો કોઈ વાર ઈન્દ્ર મકાનનો કબજો લે છે. વિષ્ણુ પાસે પોતાનો દાવો નોંધાવીને ઈન્દ્ર વિરોચનને હાંકી કાઢે છે. પણ આ સંગ્રામ અટકતો નથી. ઈન્દ્રમાં સ્વર્ગભોગની લાલસા છે અને વિરોચનમાં યુદ્ધમદ છે ત્યાં સુધી આ સંઘર્ષ ચાલ્યા કરશે. તેમનું રણમેદાન ઘણું વિસ્તરેલું છે અને મનુષ્ય-જીવન તો તેનો નાનકડો ભાગ છે. ભૂ:લોક તે આવી ભૌતિક સમરભૂમિ છે.

આમ આ કથામાં જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ અને ચોથી તુરીય અવસ્થાની વાત કરી છે, તે સર્વ કાળમાં સર્વ જનો માટે પ્રસ્તુત છે. જાગૃતિમાં ભૌમ અગ્નિ, સ્વપ્નમાં અંતરિક્ષ અગ્નિ અને સુષુપ્તિમાં સૂર્યાગ્નિ કામ કરે છે. અંતરિક્ષ અગ્નિ

અથવા વિદ્યુત અગ્નિ વિશે કેન ઉપનિષદમાં એક કથા છે, જે આગળ ઉપર આપી છે.

પિરામીડની કબરમાં સૂતેલા ફારાઓના 'મમી' જેવા થવું કે કાલાતીત, સ્થળાતીત અસ્તિત્વ ભણી ઊડવું તેની પસંદગી આપણા હાથમાં છે. આત્માનું આ આનંદમય ઉડ્ડયન અનેક વેશમાં, અનેક પ્રદેશમાં વિહરતું શાશ્વત જીવન છે. એ સત્ ચિત્ આનંદની, સર્વ વસ્તુઓના મૂળ આધારની ભૂમિ છે.

વિરોચન પોતાના દેહને જ આત્મા તરીકે માને છે અને એને વધુ સુંદર ને અલંકૃત કરવામાં પરોવાઈ રહે છે. વધુમાં એ એને સ્થાયી કરવા ઇચ્છે છે. વિરોચનના વંશજો, આસુરી વૃત્તિવાળા દાનવો છે. તેમને માટે જાણે કે કશું જ અશક્ય નથી. પણ પિરામીડના જબરજસ્ત ભાર હેઠળ તેમનો શ્વાસ રૂંધાઈ જાય છે.

## સૂક્ષ્મ અહંકારનો વિલય

અને દેવોનું શું? દેવો શુભ વૃત્તિવાળા હોવા છતાં અહંકારના સુવર્ણમહેલમાં બંદી બની જાય છે. પણ પછી પોતાના અહંકારને ઓળખે છે અને સત્ય સામે નમી પડે છે, જે આ પછીની કથામાં જોઈશું.

ઈન્દ્ર પોતાના સામર્થ્ય પર મુગ્ધ થયેલો છે. ઈન્દ્ર અને અન્ય દેવતાઓ સત્તા અને અહંકારથી ફુલાયેલા છે અને માંહોમાંહે તેઓ ગર્વ કરે છે કે કોણ વધારે શક્તિશાળી છે અને કોના થકી દેવોનો વિજય શક્ય બન્યો છે. બ્રહ્મની પરમ સત્તાને થાય છે કે હવે દેવોને પાઠ ભણાવવાનો સમય આવી ગયો છે. આ વિશે 'કેન' ઉપનિષદની કથા છે :

"એકવાર બ્રહ્મે દેવો માટે વિજય પ્રાપ્ત કર્યો. બ્રહ્મના આ વિજયથી દેવો ફુલાઈને કહેવા લાગ્યા, 'આ અમારો વિજય છે, આ અમારો મહિમા છે.'

એમનો આ વિચાર બ્રહ્મ જાણી ગયા તે દેવો સમક્ષ પ્રગટ થયા. દેવોએ તેમને ઓળખ્યા નહિ. (તેમને પ્રશ્ન થયો) 'આ અદ્ભુત આકૃતિ (યક્ષ) કોણ છે?'

દેવોએ અગ્નિને કહ્યું, 'હે જાતવેદ, આને ઓળખો, આ અદ્ભુત કોણ છે?' 'ભલે' (અગ્નિએ કહ્યું)

તે એની પાસે ગયો. (યક્ષે) એને કહ્યું, 'તું કોણ છે?' 'હું અગ્નિ છું, જાતવેદ છું' એમ અગ્નિએ કહ્યું.

'તો તારી શી શક્તિ છે?' (યક્ષે પૂછ્યું) 'આ સઘળું જે આ પૃથ્વીમાં છે, તેને હું બાળી શકું છું.' (અગ્નિએ

કહ્યું) 'આને બાળ' કહીને (યક્ષે) એની પાસે ઘાસનું તણખલું મૂક્યું. અગ્નિએ પૂરી શક્તિથી પ્રયત્ન કર્યો પણ તે એને બાળી શક્યો નહિ. તે (યક્ષ પાસેથી) પાછો આવ્યો (અને કહ્યું), 'આ અદ્‌ભુત યક્ષ કોણ છે તે હું જાણી શક્યો નથી.'

પછી (દેવોએ) વાયુને કહ્યું, 'તું જઈને જાણી આવ કે આ અદ્‌ભુત કોણ છે?' વાયુએ કહ્યું, 'ભલે.'

વાયુ વેગથી તેની પાસે ગયો. (યક્ષે) પૂછ્યું, 'તું કોણ છે?' 'હું વાયુ છું, માતરિશ્વા છું', એમ તેણે કહ્યું.

'તારામાં શી શક્તિ છે?' (યક્ષે પૂછ્યું) (વાયુએ કહ્યું) 'આ સઘળું જે આ પૃથ્વીમાં છે, તે હું ઉડાવી લઈ જઈ શકું છું.'

'આ ઉડાવી લઈ જા,' કહીને એણે (યક્ષે) ઘાસનું તણખલું મૂક્યું. વાયુ તેની પાસે ગયો પણ એને ઉડાવી લઈ જઈ શક્યો નહિ. તે (યક્ષ પાસેથી) પાછો આવ્યો અને કહ્યું, 'આ કોઈક અદ્‌ભુત છે. હું એને ઓળખી શક્યો નથી.)'

પછી (દેવોએ) ઈન્દ્રને કહ્યું, 'હે મઘવન્, આ યક્ષ કોણ છે તે જાણી લાવો.' 'ભલે' (ઈન્દ્રે કહ્યું). તે એની તરફ ગયો.

(ઈન્દ્ર આવ્યો) એટલે યક્ષ અદૃશ્ય થઈ ગયો. એ આકાશમાં તે (ઈન્દ્ર) એક સ્ત્રી પાસે ગયો. તે અત્યંત શોભાયમાન ઉમા હૈમવતી હતી. ઈન્દ્રે પૂછ્યું, 'આ અદ્ભુત (યક્ષ) કોણ છે ?'

ઉમા હૈમવતીએ કહ્યું, 'એ બ્રહ્મ છે. બ્રહ્મે વિજય મેળવ્યો તેથી તમને લોકોને મહિમા પ્રાપ્ત થયો છે.' એ પરથી જ (ઈન્દ્રને) જાણ થઈ કે આ બ્રહ્મ છે.

પોતે વિજય પ્રાપ્ત કર્યો છે, એ અહમ્‌નો ભેદ વિદ્યુત અગ્નિથી થાય છે. એ તર્ક દ્વારા પદ્ધતિસર થતી જ્ઞાનની પ્રાપ્તિ નથી, પરંતુ પ્રેરણાનો ચમકારો છે. વિદ્યુત અગ્નિ દ્વારા આવી ઈશ્વરી પ્રેરણા થાય છે.

વિદ્યુત અગ્નિ જેમ ભૌમાગ્નિની પણ એક કથા મહાભારતમાં છે કે યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો, બ્રાહ્મણોને જમાડ્યા, પણ શાપિત નોળિયો, એ જમણની એઠમાં આળોટવા છતાં મુક્ત ન થયો ત્યારે તેણે કહ્યું કે આ યજ્ઞ ખોટો છે. પણ એક ગરીબ બ્રાહ્મણે પોતાની પાસે હતું તે સઘળું દાનમાં આપી દીધું ત્યારે નોળિયાએ કહ્યું કે સર્વસ્વનું સમર્પણ થયું હોય તે જ યજ્ઞ સાચો ગણાય.

આ બધી કથાઓ આપણને શીખવે છે કે દાનવોનો દેહાત્મભાવ અને દેવોનો અહંભાવ, બન્નેથી મુક્ત થઈ મનુષ્યે ચેતનાનું રૂપાંતર કરવાનું છે.

## પવિત્ર ત્રિ-અગ્નિ દ્વારા રૂપાંતર

યજ્ઞના મહત્ત્વ વિશે વૈદિક સાહિત્યમાં અનેક સ્થળે વ્યાપક ઉલ્લેખ થયેલો છે. ઋગ્વેદની પ્રથમ ઋચા (મંત્ર) જ અગ્નિનું મહાત્મ્ય દર્શાવે છે, જે વિવિધ દેવતાઓનું પૂજન કરે છે. પૃથ્વી પરના જીવનમાં પણ અગ્નિ વિનાનું જીવન અસંભવ છે. (આ અગ્નિ સૂર્યમાંથી, આહારમાંથી, કાષ્ટમાંથી કે અન્ય કોઈ વસ્તુમાંથી મળતો હોય છે.)

સામાન્ય અનિ પ્રત્યે પણ આપણે જ્યારે ભક્તિ અને આદર દાખવીએ છીએ ત્યારે તેનું રૂપાંતર થાય છે અને તે દિવ્ય અગ્નિ બની જાય છે. વૈદિક ઋચાઓ આ સંકેતોથી ભરેલી છે. પ્રાચીન શાસ્ત્રોમાંનાં આ પ્રતીકોના અર્થને સમજીએ તો આપણા વર્તમાન સમય પર તે નવો પ્રકાશ પાથરી શકે છે. આજે આપણે જે વાતાવરણમાં શ્વાસ લઈએ છીએ તે સ્થૂલ અને સૂક્ષ્મ સર્વ સ્તરે પ્રદૂષિત થયેલું છે. અત્યારે આપણે ફંટાતા રસ્તાના નાકે ઊભા છીએ. જીવનની વૃદ્ધિના માર્ગે જવું કે વિનાશનો માર્ગ લેવો એ આપણે નક્કી કરવાનું છે, નરકાગ્નિ

અને દિવ્યાગ્નિ વચ્ચે પસંદગી કરવાની છે. યજ્ઞનો પવિત્ર અગ્નિ આપણી અંદરના ને બહારના વાતાવરણને તો શુદ્ધ કરે જ છે, ઉપરાંત વિશ્વના રહસ્યોની થોડીક ઝાંખી પણ કરાવે છે.

પ્રાચીન સ્તુતિઓ અને યજ્ઞોના લાંબા લાંબા વિસ્તૃત ક્રિયાકાંડમાં યજ્ઞનો ખરો અર્થ લુપ્ત થઈ ગયો છે. એટલે ક્રિયાને ઓછામાં ઓછી, આવશ્યકતા પૂરતી રાખીને આપણે મંત્રો પર ચિંતન કરીએ તો તેનો અર્થ અને તેનું મહત્ત્વ સ્પષ્ટ થાય અને એ આપણને સત્યના મૂળ સુધી પહોંચવામાં મદદ કરે. આ પુસ્તિકામાં યજ્ઞાગ્નિનો સાર્વત્રિક અને ખરો અર્થ દર્શાવવા પ્રયત્ન કરેલો છે. આપણે જો દરરોજ જ તેનો અભ્યાસ કરીએ તો આપણા જીવનનું આમૂલ રૂપાંતર થાય. વર્તમાન સંસ્કૃતિના ક્લેશભર્યા સમયમાં એનો સતત અભ્યાસ કરવો જરૂરી છે.

પ્રકૃતિમાં આપણે ત્રણ પ્રકારના અગ્નિ જોઈએ છીએ. વેદોમાં તેના આ પ્રમાણે વિભાગ પાડેલા છે :

(૧) ભૌમ અગ્નિ : પૃથ્વી પરનો અગ્નિ

(૨) અંતરિક્ષ અગ્નિ-વિદ્યુત અગ્નિ : અંતરિક્ષમાં રહેલો અગ્નિ જેમ કે વીજળી

(૩) દ્યૌ અગ્નિ : આકાશમાં રહેલો અગ્નિ : સૂર્ય

પુરાણકાળના ઋષિઓએ બહારના આ ત્રણ અગ્નિ સાથેનો આપણો આંતરિક સંબંધ શોધી કાઢ્યો છે. ભૌમ અગ્નિ પૃથ્વી પરનો અગ્નિ, આપણી બૌદ્ધિક ચેતના પર પ્રભુત્વ ધરાવે છે. વિદ્યુત અગ્નિ એ અંતઃ પ્રેરણાના ઝબકારા છે, અને દ્યૌ અગ્નિ-સૂર્ય આપણા તેજોમય પ્રકાશિત તત્ત્વનો, આત્માનો દિવ્ય પ્રેરણાસ્રોત છે. મનુષ્ય-જીવનની કરૂણતા એ છે કે આ ત્રણ અગ્નિ, ચેતનાની ત્રણ ભૂમિકાનો એકમેક સાથે સંબંધ જોડાયો નથી. આ ત્રણે ભૂમિકામાંથી આપણે ઇચ્છા હોય કે ન હોય, પસાર થતાં જ રહીએ છીએ. દરેક ભૂમિકા અલગ અલગ રીતે આપણા પર નિયંત્રણ કરે છે. આ ત્રણ ભૂમિકાઓ છે : જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ. આ ત્રણની એકતા સધાય તો એ ખરી જાગૃત અવસ્થા બને. પ્રાચીન ઋષિઓએ શોધી કાઢ્યું છે કે દ્રશ્યમાન ઘટનાઓની પાછળ રહેલા તત્ત્વને જો આરાધવામાં આવે તો ત્રણે ચેતનાવસ્થાની એકતા સાધી શકાય છે અને તે આપણા અમર્ત્ય અસ્તિત્વ ભણીનાં દ્વાર ખોલે છે. આ આત્માને જાણ્યા વિના જીવનમાં શાંતિ, સંવાદિતા કે આનંદ આવતાં નથી.

ત્રણ યજ્ઞાગ્નિ ત્રણ રીતે આપણા જીવનને ઊંચે લઈ જાય છે. ભૌમાગ્નિ આપણી જાગૃત સ્થિતિમાં વધારે સચેત અને સભાન રીતે, વધારે પ્રેમ અને કરૂણાપૂર્વક કાર્ય કરવામાં સહાય કરે છે. આપણી ક્ષુદ્ર જાતમાંથી બહાર નીકળવામાં, આપણા મિથ્યા આત્માભિમાન અને સ્વપ્રેમમાંથી બહાર નીકળવામાં મદદ કરે છે. ઉપરાંત તે ઉચ્ચતર શક્તિની ઉપસ્થિતિના અણસાર આપે છે, જે શક્તિનું સ્વરૂપ રક્ષણાત્મક છે.

ભૌમાગ્નિ દિવસ દરમિયાન થતાં આપણાં કાર્યોને તો વ્યવસ્થિત કરે જ છે, તેનું પ્રતિબિંબ સ્વપ્નમાં પણ પડે છે. જાગૃત સ્થિતિમાં જો પૂરી સભાનતા આવે તો તે આપણી સ્વપ્નાવસ્થાને ચમત્કારિક રીતે બદલી નાખે છે. ધડ-માથા વગરના ત્રૂટક છૂટક કલ્પના-દશ્યોને બદલે કંઈક ચોક્કસ અર્થ અને સંદેશ વ્યક્ત કરતાં સ્વપ્ન આપણે જોવા લાગીએ છીએ.

અંતરિક્ષ અગ્નિ-વિદ્યુત, તે વાતાવરણમાં રહેલો અંતઃપ્રેરણારૂપ સ્વપ્ન લોકનો અગ્નિ છે. ઘણીવાર આપણને અચાનક જ કોઈક અંતર્દ્રષ્ટિના ઝબકારા મળી જાય છે. એ ધ્યાનાર્હ હોય છે. એને માત્ર તરંગ કે અર્થહીન બાબત ગણીને

આપણે અવગણી શકતા નથી. આપણને એમ થાય છે કે જાગૃત અવસ્થા અને સ્વપ્નાવસ્થા જાણે એક બીજાને ટેકો અને દોરવણી આપતા બે નૃત્યકાર જેવાં છે.

ત્રીજો અગ્નિ, દ્યૌ અગ્નિ, તે સૂર્યના રૂપમાં છે. તે આપણી સુષુપ્તિની ગાઢ અવસ્થામાં ઊંડી શાંતિ, આનંદ અને વિશ્રાંતિના રૂપમાં પ્રકાશે છે. સુષુપ્તિની ગાઢ નિદ્રામાંથી આપણે જાગીએ ત્યારે જીવન નવા જોમ ને ઉત્સાહથી ભરેલું અનુભવાય છે, એનું કારણ એ કે ત્યારે આપણે અહંકારના વર્ચસ્વ હેઠળ નથી હોતા, આત્માના ખોળામાં આપણે વિશ્રાંતિ લીધી હોય છે. ત્રિયજ્ઞ-વિદ્યા એ બીજું કાંઈ નહીં પણ સર્વમાં રહેલી અહંતાની ત્રણ ગ્રંથિઓનું ઉચ્છેદન છે. આ ત્રણ ગ્રંથિઓ છે — બ્રહ્મગ્રંથિ, વિષ્ણુગ્રંથી એ રુદ્રગ્રંથિ. બ્રહ્મગ્રંથિ એટલે હું કર્તા છું, વિષ્ણુગ્રંથી એટલે હું રક્ષક છું અને રુદ્રગ્રંથી એટલે હું સંહારક છું એવો ભાવ. આ ત્રણ ગ્રંથિઓના નાશ કર્યા વિના મુક્તિ મળતી નથી.

આમ આ ત્રણ અગ્નિ ચેતનાની ત્રણ અવસ્થામાં માર્ગદર્શક તરીકે કામ કરે છે. વળી તે ચતુર્થ અવસ્થામાં ઉડ્ડયન ભરવાની પણ શક્તિ આપે છે. આ સ્થિતિ માત્ર અનુભવી શકાય, તેને વ્યક્ત ન કરી શકાય.

આ પવિત્ર અગ્નિના સંમાન માટેના યજ્ઞ અર્થે અહીં મંત્રો તથા અતિ આવશ્યક જૂજ ક્રિયાઓ દર્શાવી છે. આજે આપણે વિચારતત્ત્વને જ ખૂબ પ્રાધાન્ય આપીએ છીએ અને ક્રિયાકાંડને બિનજરૂરી ગણી લગભગ તિલાંજલિ આપીએ છીએ, પણ ક્રિયાઓ ખરેખર તો આધ્યાત્મિક સાધનામાં મનને એકાગ્ર કરવા માટે આપણને મદદરૂપ થાય છે. વધુમાં એક યજ્ઞપાત્ર પણ તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં બે પિરામિડ છે - એક પ્રચલિત આકારનો, બીજો તેવો જ પણ ઉલટાવેલો. બે બાજુ બે હાથા છે જેથી યજ્ઞપાત્રને ઊંચકીને આખા ઘરમાં ફેરવી શકાય અને ધુમ્રથી વાતાવરણને શુદ્ધ કરી શકાય.

યજ્ઞપાત્ર માટે કઈ ધાતુ વાપરવી તે મહત્ત્વનું નથી. એક કીમિયાગર જેમ હલકી ધાતુને પણ સુવર્ણમાં પલટાવી નાંખી શકે છે, તેમ અભીપ્સાનો અગ્નિ આપણી અહંકેન્દ્રી પ્રકૃતિને દિવ્યતામાં પલટી નાંખે છે. આ દિવ્યતા એટલે સર્વ પ્રત્યે પ્રેમ અને સર્વ વ્યવહારોમાં સમદૃષ્ટિ. પાત્ર અને અગ્નિ એ આપણી ચેતનાનું રૂપાંતર કરવા માટે સ્મરણ કરાવે છે. આ મુદ્દો ચુકાય તો યજ્ઞવિદ્યાનો ખરો હેતુ જ ગુમાવી બેસીએ.

પાત્રનો ઘાટ અને હૂતદ્રવ્ય બન્નેના સાંકેતિક અર્થ છે. ઊંધો કરેલો પિરામિડ આપણા ત્રિપરિમાણીય જગતમાં

સર્જનાત્મક શક્તિને (ઊર્જાને) ગ્રહણ કરવામાં મદદ કરે છે. અગ્નિ અને હૂતદ્રવ્ય તે આપણી જાત છે, જે જીવનના ઉચ્ચતમ ધ્યેયને પામવા માટે પ્રજ્વલિત થાય છે. આ ઉચ્ચતમ ધ્યેય એટલે દિવ્યનું આપણામાં પ્રગટીકરણ.

પાત્રનો ઘાટ અને દ્રવ્યોમાં પેટાવાતી આગ આપણા મૃણ્મય અસ્તિત્વની સ્થૂળ મર્યાદાઓ ઓળંગી જવામાં મદદ કરે છે. બન્ને પિરામિડની ટોચ જ્યાં મળે છે તે મધ્યબિંદુ છે, તે પવિત્ર કેન્દ્ર છે, જેમાંથી યજ્ઞના પવિત્ર અગ્નિની જ્વાળા ઊંચે ચડે છે. મનુષ્યે સર્વપ્રથમ તો પોતાની છેક અંદરની અંધારગુહામાં પ્રવેશ કરવો પડે છે. અને ત્યાંથી ઉપર ઊઠીને જીવનદર્શનનું મધ્યબિંદુ પ્રાપ્ત કરવું જોઈએ. આ મધ્યબિંદુને જ નાભિચક્ર કે મણિપુર ચક્ર કહે છે, જ્યાંથી પ્રાણશક્તિ જ્વાળાની જેમ પ્રગટ થાય છે. આ યજ્ઞક્રિયા નિયમિત રીતે કરવાથી આપણી પ્રાણિક શક્તિ કે આધ્યાત્મિક સુપ્ત શક્તિઓનો ઉઘાડ થાય છે.

પિરામિડ ઘાટ આકાશની સૂર્યશક્તિને ટોચ પર ઝીલવા માટે રચેલો છે, જ્યારે ઉપરનો પિરામિડ આપણા શરીરમાં મૂળભૂતપણે રહેલી સૂર્યશક્તિને મોકળી કરવા માટે છે.

પિરામિડ સીધો હોય કે ઊંધો કરેલો હોય, બન્ને અર્ધસત્ય છે. બન્ને જ્યારે જોડાય ત્યારે આપણને ઊર્ધ્વ અને નિમ્ન જગત (દ્યૌલોક અને પૃથ્વીલોક)નું સમગ્ર સત્ય પ્રાપ્ત થાય છે. નિમ્ન જગતમાં મૃત્યુનું શાસન છે, ઊર્ધ્વ જગત અમરતા ભણી લઈ જાય છે. આમાં પાત્રનો આકાર ડમરુ જેવો બને છે, જે શિવનું વાદ્ય છે. શિવ પરબ્રહ્મ પરમાત્મા છે. ડમરુને કાલવાદ્ય પણ કહે છે, જેનો ધ્વનિ વિશ્વમાં ગુંજી રહ્યો છે. મહાન નર્તક નટરાજના એક હાથમાં અગ્નિજ્વાળા છે, બીજા હાથમાં ડમરુ છે. અગ્નિ અને ધ્વનિ (પ્રાણાગ્નિ અને સ્વરશક્તિ) એ બે બહુ જોરદાર પરિબળો છે. તે શક્તિ ઉત્પન્ન કરે છે અને આપણા પ્રાણને ઊર્ધ્વ અને ચારે દિશામાં વ્યાપ્ત કરે છે. જ્વલન અને શ્વસન એ બે ક્રિયાઓની સમતુલા જળવાય તો તે આપણને પાચનશક્તિ અને એક લયપૂર્ણ ગતિથી ચાલવાની શક્તિ આપે છે. સમગ્ર વિશ્વમાં એક સંગીતમય ધ્વનિ ગુંજી રહ્યો છે. વિશ્વની તરંગિત ગતિ સાથે દરેક મનુષ્ય સંકળાયેલો છે. આપણે એની સાથે આપણા હૃદયનો તાર મેળવીએ ત્યારે પૂર્ણ શાંતિનો અનુભવ કરીએ છીએ. અગ્નિમાંથી આપણને પ્રકાશ મળે છે જે જ્ઞાન છે, અને ધ્વનિમાંથી સંગીત મળે છે જે આનંદ છે.

ઉપલા પિરામિડમાં નીચેના ભાગે એક ચોરસ પ્લેટ છે જેમાંથી રાખ નીચે પડે છે. આ પ્લેટ પણ સાંકેતિક અર્થ ધરાવે છે. ખરેખર તો આપણો જે દેહાત્મભાવ છે તેને ભસ્મીભૂત કરવાનો છે. મધ્યમાં રહેલું છિદ્ર તે પરબ્રહ્મ પરમાત્મા છે. મધ્ય છિદ્રની આસપાસ બીજાં છ છિદ્રો છે. બે બાજુ પર બે ટોચનાં બિંદુ છે. એક કાલ્પનિક રેખા દોરીએ તો આ છ બિંદુઓ એકમેકને કાપતા બે ત્રિકોણ બનાવે છે. ઉપરનો ત્રિકોણ શિવનું રૂપક છે, નીચેનો ત્રિકોણ શક્તિનું. શિવ અને શક્તિનું એટલે કે જ્ઞાન અને શક્તિનું અહીં જોડાણ છે. આપણી ચેતના સાથે તે એકત્વ સાધે છે. કિનાર પરનાં આઠ છિદ્રો અષ્ટધા પ્રકૃતિ દર્શાવે છે : પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને સૂર્ય, ચંદ્ર તથા સર્વ શક્તિમાનની નિયંત્રણ-શક્તિ સાથેનું આકાશ. વળી આપણા શરીરમાં આ પાંચ મૂળ તત્ત્વો ઉપરાંત મન, બુદ્ધિ અને અહંકાર છે. આ યજ્ઞ કરતી વખતે આપણે યાદ રાખવું જોઈએ. આ તો વિશ્વમાં નિરંતર જે વિરાટ યજ્ઞ ચાલી રહ્યો છે તેની માત્ર લઘુ આવૃત્તિ છે. સંસ્કૃતમાં વિશ્વને બ્રહ્માંડ કહ્યું છે. અંડ-એક અતિ મોટું ઈંડું. શરીરને પિંડ કહ્યું છે. એટલે એક નાનું બ્રહ્મ-અંડ. આ અંડમાં પાંચ મૂળ તત્ત્વો ઉપરાંત ચેતના છે. આધુનિક વિજ્ઞાનની

વિચારધારામાં પણ એક મોટું પરિવર્તન આવી રહ્યું છે. અને હવે વિજ્ઞાનીને પણ લાગે છે કે આખું વિશ્વ ચૈતન્યમય છે. આપણી પૃથ્વી પણ ચૈતન્યમય છે. ઈંડાનું બહારનું પડ તો બહુ પાતળું હોય છે. પણ એની અંદર ઘણી બધી હલચલ હોય છે. બહારનું પડ તૂટે નહિ ત્યાં સુધી આપણે ઈંડામાં બંદી બની રહીએ છીએ. એક પંખી ઈંડુ ફોડીને બહાર નીકળે છે અને મુક્ત પાંખો વડે ખુલ્લા આકાશમાં વિહરે છે. તેવી મુક્તિ આપણો નવો જન્મ જ આપણને આપી શકે.

આપણી અંગત ઇચ્છાઓના ભૌતિક અગ્નિને સત્યમ્ શિવમ્ સુંદરમ્ પ્રત્યેની ભક્તિમાં બદલી નાખવો જોઈએ. આ યજ્ઞનું અંતિમ લક્ષ્ય આ જ છે : આપણા અલગ અસ્તિત્વને બાળી નાંખવું અને સર્વવ્યાપી વૈશ્વિક એકતામાં જાતને ઓગાળી દેવી.

એક વાત ધ્યાનમાં રહેવી જોઈએ કે આ કોઈ પ્રકારની અગ્નિપૂજા નથી. આ અભીપ્સાના અગ્નિ પર અને આપણી અંદર રહેલા સત્યના પ્રકાશ પર મનને એકાગ્ર કરવા માટેનું પ્રતીક છે.

ઘણા ધર્મોમાં જુદા જુદા નામે આ અગ્નિનું મહત્ત્વ સ્વીકારાયું છે. યહૂદીઓ એને 'લાઇટ ઑફ બર્નિંગ બુશ' તરીકે

ઓળખે છે, જેનું મોઝેઝને દર્શન થયેલું. ખ્રિસ્તી ધર્મમાં તેને, 'ફાયર ઑફ બાપ્ટીઝમ' કહે છે. મુસ્લિમો તેને નુરે ઈલાહી - પરમાત્માનો પ્રકાશ એવું નામ આપે છે. મહંમદ પેગંબરને તેનું નૂરે મહંમદ તરીકે દર્શન થયેલું. મહંમદે કહેલું : 'હું એક છૂપું રત્ન હતો, મારા પ્રજ્વલિત કિરણોએ મને પ્રગટ કર્યો.' ભગવાન બુદ્ધે પોતાના શિષ્યોને 'આત્મદીપો ભવ' કહી પોતાના જ પ્રકાશને અનુસરવા કહ્યું હતું. પ્રાચીન ઈજિપ્તમાં સૂર્ય પૂજા પ્રચલિત હતી. સૂર્ય 'રા' તરીકે ઓળખાતો. એતુમ એવું પણ તેનું નામ હતું. પારસીઓ 'આતિશે બહેરામ' કહી પવિત્ર અગ્નિની પૂજા કરે છે. મૂળ તત્ત્વોમાં કશો ભેદ નથી. પણ અર્થઘટનને કારણે મનુષ્યોમાં ભેદબુદ્ધિ અને લડાઈ-ઝઘડા ઊભા થાય છે. આપણે તો માત્ર પ્રાર્થના કરવાની છે કે : 'તમસો મા જ્યોતિર્ગમય' - અંધારામાંથી મને પ્રકાશમાં લઈ જાઓ.

આ યજ્ઞ ગૃહયજ્ઞ છે - ઘરમાં કરાતો યજ્ઞ. આત્મનિર્ભર કે મુક્ત થવા માટે કોઈ પવિત્ર સ્થળે કે કોઈ વ્યક્તિ પાસે જવાની જરૂર નથી. અંદરનો અગ્નિ પ્રજ્વલિત થાય પછી ગુરુ કે ભોમિયાની જરૂર રહેતી નથી. મુક્તિ પ્રવાસને અંતે નહિં પણ દરેક પગલે રહેલી છે.

●

## આંતરિક વિસ્ફોટ અને ચેતનાના રૂપાંતરનો કીમિયો

૧. ઈન્દ્રિયો સ્વભાવથી જ બહિર્મુખી છે. એમને ધીમે ધીમે નિયંત્રણમાં લાવવી જોઈએ અને વૃત્તિ, વલણ તથા આદતો પરત્વે સજાગ નિરીક્ષણ કરતાં રહી, એ ઈન્દ્રિયોને સહજપણે અંતર્મુખી કરવી જોઈએ.

૨. મનને આડાઅવળા વિચારોથી ખાલી કરી સાવચેતીથી મૌન તરફ દોરવું જોઈએ.

૩. મન જ્યારે ઈન્દ્રિયગત વ્યવહારો અને પ્રતિભાવથી મુક્ત થાય છે ત્યારે આંતરિક વિસ્ફોટ થાય છે અને મન જાગૃતિની સભર સ્થિતિમાં શૂન્ય કે પૂર્ણમાં પ્રવેશ કરે છે.

૪. અ-મનની અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે બધા પ્રકારની ઇચ્છાઓ નિ:શેષ થઈ જાય છે. એને મનોનાશ કહે છે.

૫. એની સાથે સાથે, બહારના કોઈ આધાર વિના, પરમ સત્યની સત્ ચિત્ આનંદ રૂપે અનુભૂતિ થાય છે.

૬. આને સંપૂર્ણ ક્રાન્તિ કહે છે.

## ચેતનાના પૂર્ણ રૂપાંતર માટેનાં ક્રિયાત્મક પગલાં

૧. નાભિ પર, એટલે કે મણિપુર ચક્ર (સોલર પ્લેક્સસ) પર ધ્યાન કરો અને અંદરની સૂર્ય ઊર્જા પ્રજ્વલિત થઈ ઊંચે ચડે છે, તેવી અભીપ્સા કરો.

૨. અનાહત ચક્ર (હૃદય સ્થાન) પર ધ્યાન કરો અને પ્રાણશક્તિ સમગ્ર શરીરમાં પ્રસરી રહી છે તેવો અનુભવ કરો. જ્ઞાનતંતુને તે આંદોલિત કરે છે અને તેને લીધે મનની ગતિ ઊર્ધ્વ થાય છે.

૩. ભ્રૂમધ્યે, આજ્ઞાચક્ર પર ધ્યાન કરો. ત્યાં ધ્યાન કરવાથી નવી આંતર્દૃષ્ટિ ખૂલી રહી છે અને ત્રીજું નેત્ર, જેને જ્ઞાનનેત્ર કહે છે તે ઊઘડી રહ્યું છે તેમ અનુભવવાનો પ્રયત્ન કરો. શાશ્વત ચેતનાશક્તિ મનુષ્યના ઈન્દ્રિયગત, મનોગત તથા તેના નાનકડા અલગ અહંકારના સર્વ વ્યવહારોનો કબજો લઈ લે છે અને વ્યક્તિગત ચેતનાને વૈશ્વિક ચેતના સાથે જોડે છે. મનુષ્ય-શરીરની મર્યાદા જ્યારે તૂટી જાય છે ત્યારે માણસ વૈશ્વિક આંદોલનો ઝીલવા તેમ જ વિશ્વના લય સાથે પોતાનો લય મેળવવા સમર્થ બને છે.

સીમિત અને અસીમિત જીવન પરસ્પર જોડાયેલું છે. ભૌતિક જગતના પડદા હટાવી શકાય, તો પછી બધા ભેદ-વિભેદ, વિરોધી પરિબળો, જીવન અને મૃત્યુ સુદ્ધાં એક જ ભૂમિકા પર આવી રહે છે.

યજ્ઞપાત્રમાં જ્યાં બન્ને પિરામિડ મળે છે, તે બાહ્ય અને આંતરિક અવકાશનું મધ્યબિંદુ છે.

અહીં કેટલીક વ્યવહારુ બાબતો ધ્યાનમાં રાખવાની છે. યજ્ઞ કરવા માટે યોગ્ય સમય સવાર કે સાંજનો સંધ્યાકાળ છે, જે દિવસ અને રાત્રિ વચ્ચેનો, જાગૃતિ અને નિદ્રા વચ્ચેનો ટૂંકો ગાળો છે. એ જાણે બે મોજાં વચ્ચેનો નાનો વિશ્રાંતિ-સમય છે. એ બે વિચાર વચ્ચેના, બે શ્વાસ વચ્ચેના, હૃદયના બે ધબકારા વચ્ચેના શૂન્યાવકાશમાં પ્રવેશવાનું દ્વાર છે.

**નીચે પ્રમાણેનાં દ્રવ્યોનો ઉપયોગ કરવાનો છે :**

યજ્ઞ માટે નીચે પ્રમાણેનાં દ્રવ્યોનો ઉપયોગ કરવાનો છે :

| | |
|---|---|
| ૧. સૂકાં છાણાંની ટીકડી | ૭. દુર્વા |
| ૨. ગાયનું શુદ્ધ ઘી | ૮. જવ |
| ૩. સરસવ | ૯. ઉમરો |
| ૪. આંકડો | ૧૦. કપૂર |
| ૫. દેવદાર | ૧૧. રૂની વાટ |
| ૬. ગુગળ | |

**સૂચનાઓ :**

૧. મુખ્ય વ્યક્તિએ પૂર્વાભિમુખ બેસવાનું છે. બીજા લોકો યજ્ઞ ફરતા બેસી શકે, પણ કોઈએ પશ્ચિમાભિમુખ બેસવું નહિ. બધા જ પૂર્વાભિમુખ બેસી શકે તો ઉત્તમ.
૨. યજ્ઞપાત્ર મુખ્ય વ્યક્તિની આગળ રાખવું.
૩. મનને શક્ય તેટલું શાંત રાખવું.
૪. પાત્રની પ્લેટ પર ત્રણ ગોબર-ટીકડી અને ઘીમાં બોળેલી દિવેટ રાખવી.
૫. ટીકડી પર થોડું ઘી નાંખી અગ્નિ પેટાવવો.

પછી નીચે પ્રમાણેના ચાર મંત્રો બોલવા. આ મંત્રોમાં હોમ કરવા પાછળનો હેતુ અને તેનો અર્થ સમાવિષ્ટ છે.

**અગ્નિર્ યથૈકો ભુવનં પ્રવિષ્ટઃ રૂપં રૂપં પ્રતિરૂપો બભૂવ**
**એકસ્તથા સર્વભૂતાંતરાત્મા રૂપં રૂપં પ્રતિરૂપો બહિશ્ચ**

(જે રીતે જગતમાં વ્યાપ્ત એક જ અગ્નિ અલગ અલગ પદાર્થોના સંબંધમાં તે તે રૂપોને ધારણ કરે છે, એ જ રીતે સર્વ ભૂતોની અંદર રહેનારો અંતર્યામી એક હોવા છતાં, દરેક રૂપધારીના સંબંધે તે તે રૂપને ધારણ કરે છે, અને એનાથી બહાર અલિપ્ત પણ રહે છે.)

**વાયુર્ યથૈકો ભુવનં પ્રવિષ્ટઃ રૂપં રૂપં પ્રતિરૂપો બભૂવ**
**એકસ્તથા સર્વભૂતાંતરાત્મા રૂપં રૂપં પ્રતિરૂપો બહિશ્ચ**

(જે રીતે જગતમાં વ્યાપ્ત એક જ વાયુ જગતમાં પ્રવેશ કરીને દુનિયાના અલગ અલગ પદાર્થોના સંબંધમાં તે તે રૂપોને ધારણ કરે છે, એ જ રીતે સર્વ ભૂતોની અંદર રહેનારો અંતર્યામી એક હોવા છતાં, દરેક રૂપધારીના સંબંધે તે તે રૂપને ધારણ કરે છે, અને એનાથી બહાર અલિપ્ત પણ રહે છે.)

**સૂર્યો યથા સર્વલોકસ્ય ચક્ષુઃ ન લિપ્યતે ચાક્ષુષૈર્ બાહ્યદોષૈઃ**
**એકસ્તથા સર્વભૂતાંતરાત્મા ન લિપ્યતે લોકદુઃખેન બાહ્યઃ**

(સર્વલોકના નેત્રરૂપ સૂર્ય જે રીતે સાધારણ નેત્રોના બાહ્ય દોષોથી અલિપ્ત રહે છે, એવી રીતે સર્વભૂતોમાં રહેલો આત્મા બાહ્ય હોવાથી દુન્યવી દુઃખોથી લિપ્ત થતો નથી.)

**એકો વશી સર્વભૂતાંતરાત્મા એકં રૂપં બહુધા યઃ કરોતિ**
**તમાત્મસ્થં યેઽનુપશ્યન્તિ ધીરાઃ તેષાં સુખં શાશ્વતં નેતરેષામ્**

(એક, સર્વને વશ કરનાર સર્વભૂતોમાં વ્યાપ્ત, એક જ રૂપને અનેકવિધ બનાવનાર, હૃદયસ્થ આત્માને જે ધીર લોકો સતત જુએ છે, તેમને શાશ્વત સુખ મળે છે, બીજાઓને નહિ.)

**પછી નીચે પ્રમાણે બોલી આહુતિ આપવી :**

૧. **અગ્નિમ્ ઈળે પુરોહિતં યજ્ઞસ્ય દેવ ઋત્વિજમ્ હોતારં રત્નધાતમમ્ ॥** **(ત્રણ વાર બોલવું.)**

(હું અગ્નિને, જે પુરોહિત છે, જે દેવતા છે, ઋત્વિજ છે, યજ્ઞના હોતા છે તથા ઉત્તમ સંપત્તિના આપનાર છે, તેમની સ્તુતિ કરું છું.) (ઋગ્વેદ)

**ૐ પૃથ્વી સ્થાનીય ભૌમાગ્નયે સ્વાહા... (ત્રણ વાર બોલવું, દરેક સ્વાહા પછી આહુતિ આપવી.)**

૨. **વાશ્રેવ વિદ્યુન્મિમાતિ વત્સં ન માતા સિષકિત યદેષાં વૃષ્ટિરસર્જિ ।। (ત્રણ વાર બોલવું)**

(જેવી રીતે ગોમાતા પોતાના વાછરડા માટે ભાંભરે છે, તેવી મરુતો વરસાદને જ્યારે મુક્ત કરે છે ત્યારે વીજળી તેની પાછળ જાય છે અને ગર્જના કરે છે.) (ઋગ્વેદ)

**ૐ અંતરિક્ષસ્થાનીય વિદ્યુદગ્નયે સ્વાહા... (ત્રણ વાર બોલવું, દરેક સ્વાહા પછી આહુતિ આપવી.)**

૩. **વિશ્વાનિ દેવ સવિતર્ દૂરિતાનિ પરાસુવ યદ્ ભદ્રં તન્ન આસુવ ।। (ત્રણ વાર બોલવું)**

(હે વિશ્વ પ્રકાશના દેવ સવિતૃ! આસુરી બળોને દૂર કરો અને જે કલ્યાણકારી છે તેને લઈ આવો.) (ઋગ્વેદ)

**ૐ દ્યૌ સ્થાનીય સાવિત્ર્યૈ અગ્નયે સ્વાહા... (ત્રણ વાર બોલવું, દરેક સ્વાહા પછી આહુતિ આપવી.)**

**ૐ ત્રિ અગ્નયે નમો નમઃ ।। (સાત વાર બોલવું.)**

**થોડી વાર મૌનમાં બેસવું.**

## ઈશા માએ રચેલી યજ્ઞ પછી બોલવાની પ્રાર્થના

હે યજ્ઞદેવતા! અમે તમારું પૂજન કરીએ છીએ અને ઊંડા ભાવથી તમને પ્રણામ કરીએ છીએ.

તમારા થકી આસપાસનું વાતાવરણ જેમ શુદ્ધ બને છે, તેમ અમારાં મન-હૃદય પણ શુદ્ધ બને છે.

તમારો પવિત્ર અગ્નિ અમારી ભૌતિક વૃત્તિઓને ભસ્માવશેષ કરો અને અમારી અંદર રહેલા મહત્ ચૈતન્યની અમને ઝાંખી કરાવો.

અમે અમારા અસ્તિત્વનું રહસ્ય જાણતા નથી. પૃથ્વી પર અમારો જન્મ શાને માટે થયો છે તેની અમને ખબર નથી. અમે અજ્ઞાનમાં છીએ, અંધકારમાં છીએ. હે યજ્ઞદેવતા! અમારા પર કૃપા કરો કે અમારી અંતર્ગુહામાં નિહિત રહેલી દિવ્યતા આડેનાં સર્વ આવરણો દૂર થાય અને અમારી સત્યની શોધ માટેના માર્ગનું અમને સ્પષ્ટ દર્શન થાય. તમારી અમારા પર સદાય કૃપા વરસતી રહે એવી પ્રાર્થના.

# યજ્ઞવિદ્યા

## ત્રિયજ્ઞ-ઉપાસના



**મકરન્દ દવે**

ૐ ત્રિ અગ્નયે નમો નમઃ

પ્રકાશક :

**જયેશ જોષી**
બી-૪, બાલકૃષ્ણ બંગ્લોઝ,
બી રોડ, પ્રમુખ શિવાલય,
અબ્રામા-વલસાડ-૩૯૬૦૦૨

**કિશોર પારેખ**
બી/૯૦૧
સરવાણી રેસીડેન્સી,
તીથલ રોડ,
વલસાડ-૩૯૬૦૦૧

© નંદિગ્રામ ટ્રસ્ટ
મો.નં. ૯૭૨૭૫૮૧૬૪૮

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી ૨૦૦૪
દ્વિતીય આવૃત્તિ : જૂન, ૨૦૨૩

પ્રત : ૫૦૦ મૂલ્ય : રૂ. ૨૦/-

ટાઈપસેટિંગ તથા મુદ્રણ :
**સર્જન ગ્રાફિક્સ**
પ્રગતિનગર, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩
ફોન : ૯૮૨૫૫ ૮૦૯૦૩